
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મીન**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચંદ્ર બપોરે પોણા ચારે મીનમાંથી મેષ રાશિમાં પ્રવેશ કરે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આઠમે શનિ મંગળની યુતિના કારણે આપને પડવા - વાગવા - દાઝવાથી સાચવવાની આજે ખાસ જરૂર છે. અગિયારમે સૂર્ય - પાંચમે વક્રી ગુરુ વિગેરે ગ્રહોનું સારું ફળ મળતું અટકી પડશે.

**વૃષભ** અગિયારમે ચંદ્ર આપને આપના વ્યવસાયમાં સમુદ્રમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓના વ્યવસાયમાં સારો ફાયદો કરાવી આપે તેમ છે. સાતમે મંગળ કૌટુંબિક જીવનમાં કલર ઉભો કરે તેમ છે. સાચવવું.

**મિથુન** ત્રીજે ચાંડાલ યોગ સારો ગણાતો નથી. પરાક્રમ ભુવનમાં રાહુ વણ વિચાર્યું. સાહસ કરાવે જેના માઠા પરિણામો ભોગવવાની તમારે તૈયારી રાખવી પડશે - દિવસ મિશ્ર ફળવાળો જશે.

**કર્ક** પાંચમા ભુવનમાં શનિ મંગળની યુતિ આપના માટે સંતાનો તરફથી મુશ્કેલીઓ વધારવાના યોગ છે. સંતાનો હઠીલા થઈને તમારી વાત માનશે નહીં માટે તેઓ સાથે પ્રેમથી વર્તવું - દિવસ ઠીક જશે.

**સિંહ** રાશિમાં ગુરુ - રાહુની યુતિ સાતમા સ્થાનમાં રહેલ રાશિપતિ સૂર્યથી દ્રષ્ટ છે તેથી વિઘ્નો આવે તો પણ તે દૂર થઈ જાય - સાતમે બુધ - શુક્રની યુતિ આપની રાશિ માટે શુભ છે - દિવસ સારો આનંદમાં જાય.

**કન્યા** સાતમે ચંદ્ર સારો છે. બાકી બારમે રાહુ તથા ત્રીજે શનિમંગળની યુતિ તમોને ના કરવાનું સાહસ કરાવે અને તે સાહસથી આપને પારાવાર નુકસાન થાય - ઓમ નમઃ સિવાય મંત્રના જાપ કરે રાખવા.

**તુલા** અગિયારમે ચાંડાલ યોગ તમારી રાશિને ફાયદાકારક છે - અગિયારમા સ્થાનમાં રહેલા બધા જ ગ્રહો (શુક્ર સિવાય) વિજય યોગ કરે છે જે શાસ્ત્રમાં ઉત્તમોત્તમ યોગ ગણાયેલ છે - દિવસ સારો જશે.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ રાશિમાં સ્વગૃહી છે જેને શનિ દુષિત કરે છે. તેથી માનસિક હેરાન પરેશાન કરી શકે છે. મંગળથી તંદુરસ્તી જળવાશે. ચોથે સૂર્ય તબિયત અંગે ખરાબ વિચારો લાવે - ડર્યા વિના કામ કરે રાખો.

**ધન** ત્રીજે સૂર્ય બુધ શુક્રની યુતિ પરાક્રમભુવન - ભાઈઓના સ્થાનમાં સારું ફળ આપે. ત્રીજે સૂર્ય વિજયયોગ કરે છે. બારમે મંગળ અવિચારી સાહસ કરાવે માટે ઉતાવળે કોઈ પગલું ભરવું નહીં.

**મકર** અગિયારમા સ્થાનમાં મંગળ - શનિની યુતિ સારી છે જ્યારે આઠમે ચાંડાલ યોગ સારો ગણાતો નથી - આઠમે - બારમે રાહુ બંધન યોગનો કારક છે માટે સાચવવું હિતાવહ છે.

**કુંભ** રાશિમાં સૂર્ય તેમજ સ્વગૃહી મંગળની દ્રષ્ટિથી આપ ગરમીથી હેરાન થશો - ગરમીથી થતા રોગો થઈ શકે છે. બચાવમાં શુક્ર - બુધની યુતિ તેમજ ગુરુની દ્રષ્ટિ હોઈ આપ એટલા બધા હેરાન નહીં થાઓ - સાચવશો.

**મીન** રાશિમાં ચંદ્ર આપને આજે ઘણો મદદરૂપ થાય. શક્ય હોય તો ઓમ નમઃ શિવાય મંત્રના જાપ કરવાથી બારમા સ્થાનના સૂર્યથી થનાર ખોટા ખર્ચાને નુકસાનથી બચી શકાય - શરદીથી સાચવવું.

# ઉચીધનાલ પંચાયતની રેતીની લીઝની ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર

### વગર ટેન્ડર ઠરાવ વગર ગ્રાન્ટ વાપરી નાખવાના આક્ષેપ સાથે ઉચ્ચ કક્ષાએ રજુઆત

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાની ઉચીધનાલ ગામ પંચાયતને સાબરમતી નદીની રેતીની લીઝની રૂ. ૨૧ લાખની ગ્રાન્ટ ભાવપત્રકો મંગાવ્યા વગર અને પંચાયતની સભાના એજન્ડામાં લીધા વગર રોડના કામ પુરા કરી ભ્રષ્ટાચાર આચરાયા હોવાના આક્ષેપ સાથે ઉચ્ચકક્ષાએ સક્ષમ અધિકારીઓને રજુઆત કરવામાં આવતાં ગામમાં હોબાળો મચી જવા પામ્યો છે.

ઉચીધનાલ ગામના રહીશ ડાહ્યાભાઈ માધુભાઈ પટેલ, મેહુલકુમાર રામાભાઈ પટેલ, સુરેશકુમાર ફુલજીભાઈ પટેલ તથા દેવાભાઈ માધુભાઈ પટેલ સહીત અન્ય ગામજનોના જણાવ્યા અનુસાર ઉચીધનાલ ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીની રેતીની લીઝ ભાડે પટ્ટેથી આપેલી છે. સરકારના નિયમ મુજબ આ લીઝમાંથી પંચાયતને ગ્રાન્ટ આપવામાં આવે છે. જેમાં તા. ૨-૬-૨૦૧૫ના રોજ રૂ. ૩૬૨૦૫૦ તથા તા. ૪-૯-૨૦૧૫ના રોજ રૂ. ૧૭૪૦૩૩૮ મળી ગ્રાન્ટ પંચાયતને મળી હતી. આ ગ્રાન્ટ વાપરવામાં પંચાયતના હોદ્દેદારો દ્વારા ભ્રષ્ટાચાર આચરાયા હોવાનો આક્ષેપ થયો છે. જેમાં આ ગ્રાન્ટનો ખર્ચ કરવામાં કોઈ ટેન્ડરની પ્રક્રીયા કરવામાં આવી નથી તથા કરવાના કામો પંચાયતની સભાના એજન્ડા ઉપર પણ લેવામાં આવ્યા નથી. કયા રોડ માટે કેટલી રકમ વાપરવાની છે તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તથા ગ્રાન્ટ ખર્ચવા અંગે સક્ષમ અધિકારીની મંજુરી લેવામાં આવી નથી. આમ રૂ. ૨૧ લાખની ગ્રાન્ટ ગેરકાયદેસર વાપરી નાખી ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ કરી જિલ્લા વિકાસ અધિકારી વિજીલન્સ કમિશ્નર તથા ટી.ડી.ઓ.ને લેખિત રજૂઆત કરી તપાસ કરી સખત કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે.

આ અંગે ઉચીધનાલ પંચાયતના સરપંચ ચુનાભાઈ ગમાર તથા ડે. સરપંચ કેતનભાઈ પટેલે જણાવ્યું હતું લીઝની સ્વભંડોળની ગ્રાન્ટ ધારાધોરણ મુજબ વાપરવામાં આવી છે અને કોઈ ભ્રષ્ટાચાર થયો નથી.



ઓઢવ વિસ્તારમાં ખટક સમાજના સમુહ લગ્નનો કાર્યક્રમ યોજાયો હતો.

# મોડાસાના મરડીયા નજીક ટ્રક પાછળ ધડાકાભેર કાર અથડાતા કારચાલક ગંભીર

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના શામળાજી-ગોધરા રાજ્ય ધોરી માર્ગ પર બુધવારે સાંજના સુમારે મરડીયા પાટીયા નજીક ઉભેલા ટ્રક કન્ટેનરની પાછળ મોડાસા તરફથી શામળાજી જતી સ્વીફ્ટ કારનો ચાલકે પાછળના ભાગે ઘુસાડી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કારના




આગળના ભાગનો ભુક્કો બોલાઈ ગયો હતો. જ્યારે કારચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોડાસા ખાતે પ્રાથમિક સારવાર આપી ઈજાઓ ગંભીર જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો. કારચાલકની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું હતું.

મોડાસા તાલુકાના મરડીયા પાટીયા નજીક બુધવારે સાંજના સુમારે પંચર પડેલી ટ્રકના પાછળ મોડાસા તરફથી જતી કાર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મોડાસામાં રહેતા અને ટ્રાવેલ્સ એજન્સીની ઓફીસ મોડાસા શહેરમાં ધરાવતા અને ભિલોડા તાલુકાના ખેરવા ગામના વતની ભીખાભાઈ પ્રજાપતિ (ઉં.વ. ૪૮) બુધવારે સાંજના સુમારે મોડાસાથી ખેરંચા જતા હતા ત્યારે મરડીયા નજીક પરપ્રાંતીય ટ્રક કન્ટેનરને પંકચર પડતા રોડની વચ્ચોવચ ઉભી રાખી પંકચર કાઢવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે મોડાસા તરફથી આવતી સ્વીફ્ટ કારના ચાલકે રોડ પર ઉભેલી ટ્રક ન દેખાતા ટ્રકની પાછળ સ્વીફ્ટ કાર ઘુસાડી દેતા ધડાકાભેર અવાજ આવતા લોકો દોડી આવ્યા હતા. અને ટ્રક પાછળ જોતા સ્વીફ્ટ કારના આગળના ભાગના કૂરચેકૂરચા નીકળી ગયા હતા અને કાર ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ મોડાસા સારવાર અર્થે ખસેડાયો હતો. ત્યાં તબીબને કારચાલકની ઈજાઓ ગંભીર જણાતા તાબડતોડ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. હાલમાં કારચાલક યુવાનની સ્થિતિ નાજૂક હોવાનુ જાણવા મળતા પરિવારજનો, પ્રજાપતિ સમાજ અને શામળાજી પંથકમાં શોકની લાગણી છવાઈ હતી.

# દૂધ ભરી પરત ફરતી યુવતી બ્લેક મેલનો શિકાર બની

### દિયોદર પંથકમાં માસુમ યુવતી ઉપર સામુહિક દુષ્કર્મ : પાંચ સામે ફરિયાદ : ચાર મહિનાથી યુવતીના નગ્ન ફોટા બતાવી દુષ્કર્મ આચરતા હતા

દિયોદર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકો દિન-પ્રતિદિન ક્રાઈમ કેપીટલ બની રહ્યો છે. એક પછી એક ઘટના પોલીસને ચોપડે નોંધાઈ રહી છે. ત્યારે વધુ એક યુવતીએ પાંચ ઈસમો વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ આપતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પોલીસ સુત્રો જણાવેલ અનુસાર દિયોદર તાલુકાના એક ગામમાં રહેતી હેતલ ઉં. ૨૨ (નામ બદલ્યુ છે) જે ગામની દૂધ ડેરીમાં દૂધ ભરાઈ પરત ફરી રહી હતી જેમાં રસ્તા ઉપર પાંચ શખ્સોએ તેને રોકાવી તેની સાથેના ફોટા બતાવી બ્લેક મેલ કરી હતી અને જબરજસ્તી રીક્ષામાં બેસાડી અવાવરૂ જગ્યા ઉપર લઈ જઈ વારા ફરતી યુવતી ઉપર સામુહિક દુષ્કર્મ આચર્યુ હતુ. અને નગ્ન ફોટા અને વિડિયો ઉતાર્યો હતો. જેમાં આ વાત કોઈને કહીશ તો નગ્ન ફોટા વોટ્સઅપ ઉપર ફરતા કરી દેવાની ધાક ધમકી આપી હતી. જેમાં યુવતીએ સમાજમાં ઈજ્જત ન જાય અને બીકના માર્યા આ સમગ્ર ઘટના પરિવારને જણાવતી ન હતી. જેમાં સામેવાળા ઈસમો આ યુવતીને અવાર-નવાર રસ્તા વચ્ચેથી ઉઠાવી જઈ સામુહિક દુષ્કર્મ આચરતા હતા જેમાં આખરે યુવતીએ આ સમગ્ર ઘટના તેના પરિવારજનોને જણાવતા પરિવારજનો તેમની દિકરીને ન્યાય મળે તે માટે દિયોદર પોલીસ મથકે લઈ આવ્યા હતા. જેમાં નરાધમનો ભોગ બનેલી યુવતીએ પોલીસને નિવેદન આપ્યુ હતુ જેમાં યુવતીની ફરિયાદ લઈ આરોપી દશરથ ચેલા બુકોલીયા, પ્રકાશ ઉર્ફે પરખા કેળાભાઈ બુકોલીયા, દિનેશ હરચંદ ચૌહાણ, વિક્રમ હરમદ ચૌહાણ, શ્રવણ ભેમા ઠાકોર વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. અન્ય આ તમામ આરોપી ફરાર થઈ ગયા છે અને પોલીસે યુવતીને લેબોરેટરી માટે હોસ્પિલ ખાતે લઈ જવામાં આવી છે.

# હિંમતનગરમાં વાહન પાર્ક કરવા બાબતે ઝઘડો થતાં હૂમલો કરાયો

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગરમાં ગાયત્રી મંદિરથી નવા તરફ જતા રોડ પરથી સોમવારે સાંજના સુમારે બાઈક પર મિત્ર સાથે જઈ રહેલા જૂના બળવંતપુરાના રહીશ અને તેમના મિત્ર ઉપર વાહન પાર્ક કરવાની બાબતમાં થયેલી બોલાચાલીની અદાવત રાખી તલવાર વડે હૂમલો કરાતા બંને જણાને ઈજાઓ પહોંચી હતી. હૂમલાની ઘટના બાદ વાહન સાથે આવેલો હૂમલાખોર ઘટના સ્થળેથી ભાગી છુટ્યો હતો. ઘટના અંગે ઈજાગ્રસ્ત થયેલા જૂના બળવંતપુરાના રહીશે સોમવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં હૂમલાખોર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

શહેરમાં નવા રોડ પર સોમવારે સાંજના સુમારે હૂમલાની બનેલી ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂના બળવંતપુરામાં રહેતા અને ડ્રાઈવીંગનો ધંધો કરતા ગોવિંદભાઈ ધર્માજી વણઝારાને છ માસ અગાઉ રોહિતસિંહ પરમાર નામના શખ્સ સાથે છોટાહાથી વાહન પાર્ક કરવાની બાબતમાં બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખી રોહિતસિંહ પરમારે સોમવારે માર્ગ પરથી બાઈક સાથે પસાર થતા ગોવિંદભાઈ વણઝારાના બાઈકને આંતરી તેમની સાથે તકરાર શરૂ કરી હતી. તે દરમિયાન રોહિતસિંહે ગોવિંદભાઈ પર તલવાર વડે હૂમલો કરતા તેમને ડાબા હાથે બાવળાના ભાગે ઈજા પહોંચી હતી. આ સમયે ગોવિંદભાઈના મિત્ર દશરથભાઈ વચ્ચે પડતા હૂમલાખોરે તેમને પણ કપાળના ભાગે તલવાર મારી ઈજા પહોંચાડી હતી.

હૂમલાની આ ઘટના દરમિયાન રોડ પર લોકો એકત્ર થઈ જતા હૂમલાખોર પોતાના છોટાહાથી વાહન સાથે ઘટનાસ્થળેથી ભાગી છુટ્યો હતો. હૂમલાની ઘટના સંદર્ભે જૂના બળવંતપુરાના રહીશ ગોવિંદભાઈ વણઝારાએ મૂળ તલોદના પણ હાલમાં આંબાવાડીની પોલીસ લાઈન સામેના વિસ્તારમાં ભાડેથી રહેતા શક્તિસિંહ પરમાર વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી ઘટના અંગેની તપાસ શરૂ કરી છે.

# એન.એસ. પટેલ લૉ કોલેજ મોડાસાનો ઉમેદપુર ગામે સેવા સપ્તાહની ઉજવણી

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તથા શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી એન.એસ. પટેલ લૉ કોલેજ મોડાસાના વિદ્યાર્થીઓએ એન.એસ.એસ. કાર્યશિબિરનું આયોજન ઉમેદપુર (દધાલિયા) ખાતે સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સફાઈ અભિયાન, મેડીકલ ચેકઅપ કેમ્પ, મહિલા સશક્તિકરણ, વ્યસનમુક્તિ અભિયાન, ભ્રુણહત્યા અટકાવો, મહિલા કાનૂની શિબિર જેવા લોક જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેવા સપ્તાહ શિબિરનું ઉદ્‌ઘાટન મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય રેવાભાઈ ભાંભી, લૉ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજેશ વ્યાસ, સરપંચ ચિમન પટેલના હસ્તે યોજાયુ હતુ. ગ્રાહક સુરક્ષા અને સ્ત્રી અધિકાર અને કાનૂની શિબિરમાં એડી ડીસ્ટ્રી એન્ડ સેશન જજ એસ.એમ. મહેતા હાજર રહી ગ્રામજનો, મહિલાઓ અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. સેવા સપ્તાહની પૂર્ણાહૂતિના દિવસે આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન મારૂતિ વિકાસ મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષી, રેજીમોન થાઈના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં આંખ રોગના નિષ્ણાંત જતીન મેવાડા અને દંત ચિકિત્સક ડૉ. જતન પટેલે ૪૫૦થી વધુ ગ્રામજનોને વિના મૂલ્યે દવાઓ અને સારવાર આપવામાં આવી હતી.

### વિધાનસભામાં ગાંધીનગર...

● છેલ્લા પાનાનું ચાલુ

રોડનું કામ ક્યારે મંજૂર થયુ અને કેટલો ખર્ચ થશે તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી નીતિનભાઈએ જણાવ્યું હતું કે ૨૯-૯-૧૫ના રોજ બાલવા-માણસાનું કામ હાથ પર લેવામાં આવ્યું છે. કુલ ૧૧૮૩૦ લાખ રૂ. પૈકીના બજેટમાંથી ૧૫૦૦ લાખના ટેન્ડર મંજૂર કરવામાં આવ્યા છે.

● પલસાણા-જાસપુર રોડ

કલોલના કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે બોરીસણા-ભોંયણ અને પલસાણા-જાસપુર માર્ગોને પહોળો કરવાના કામ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે રાજ્ય હસ્તકના બોરીસણા-ભોંયણ રોડને પહોળો કરવાની માગણી કે દરખાસ્ત પડતર નથી. જ્યારે પંચાયત હસ્તકના પલસાણા જાસપુર રોડને પહોળો કરવા માટે રૂ. ૩૮૦ લાખની રકમ મંજૂર કરાયેલ છે. જેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ કામ હાથ ધરવાનું આયોજન છે.

● બે નવા સા.આર. કેન્દ્રો મંજૂર

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ સા.આ. કેન્દ્રો અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ છે કે કલોલ તાલુકામાં ડીંગુચા અને કલોલ શહેરમાં નવુ સા.આ. કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ છે.

● દહેગામના પ્રા.આ. કેન્દ્રોમાં પી.એમ. રૂમ

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પોસ્ટમોર્ટમ પી.એમ. રૂમ નહિ હોવાથી થતા નહિ હોવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પ્રા.આ. કેન્દ્રો પૈકી ૬ પ્રા.આ. કેન્દ્રો ખાતે હયાત પી.એમ. રૂમ રીપેરીંગ પાત્ર હોઈ પોસ્ટમોર્ટમ થતુ નથી.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાલુન્દ્રા તા. ૨૮-૪-૧૫ના રોજ મંજૂર થયેલ છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પ્રા. આરોગ્ય કેન્દ્ર સાંપામાં પી.એમ. રૂમનું બાંધકામ પૂર્ણ થયેલ છે અને ટુંક સમયમાં પોષ્ટ મોર્ટમની કામગીરી હાથ ધરવામાં આવશે.

● કોલવડા આયુર્વેદ કોલેજ

ગાંધીનગર નજીક કોલવડા ખાતે આયુર્વેદ હોસ્પિટલ બનાવવા અંગે કોંગીના પ્રો. હીરાભાઈ પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આયુર્વેદ હોસ્પિટલ બનાવવાની મંજૂરી ૨૦૦૭-૦૮ના વર્ષમાં આપવામાં આવી છે.

સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આયુર્વેદ હોસ્પિટલનું બાંધકામ ૧૫-૧૧-૧૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે અને તે માટે કુલ રૂ. ૧૫૯.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે હોસ્પિટલ કાર્યરત કરવા માટે ૨૦૧૫-૧૬માં મંજૂર થયેલ મહેકમ પ્રમાણેની જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાલ ગતિમાં છે. હાલમાં ચાર્જ આપીને હોસ્પિટલ અને ઓ.પી.ડી. શરૂ કરવામાં આવી છે.

### કોંગ્રેસ આક્રમક...

● પહેલા પાનાનું ચાલુ

પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, મોદી પોતાના લાંબા ભાષણમાં તેમના પ્રશ્નના જવાબ આપતા નથી. એક ગરીબ વ્યક્તિ ચોરી કરે છે તો તેને માર મારવામાં આવે છે. જેલમાં બંધ કરી દેવામાં આવે છે. જેની પાસે ભોજન નથી તે અનાજની ચોરી કરે છે તો તેને માર મારવામાં આવે છે પરંતુ દેશમાંથી નવ હજાર કરોડની ચોરી કરનાર વ્યક્તિ દેશમાંથી ભાગી જાય છે. સંસદ ભવનની બહાર રાહુલે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે જે વ્યક્તિએ ૯૦૦૦ કરોડ રૂપિયાની ચોરી કરી છે તે વ્યક્તિ ભાગી ગઈ છે. સરકારે ભાગવાની મંજુરી કેમ આપી. અમને મોદી અને જેટલી તરફથી જવાબ મળી રહ્યા નથી.

### ઇશરત મામલે...

● પહેલા પાનાનું ચાલું

ચુક્યો છે. આની સાથે જ પ્રથમ એફિડેવિટમાં અગાઉની યુપીએ સરકારે જે વાત કરી હતી તે વાતને સમર્થન મળી ગયું છે. ઈશરત જહાંનો કેસ હોય કે અન્ય કોઇ પણ પ્રકારના કેસ હોય સરકારના પક્ષે કોઇ બેદરકારી રહેવી જોઇએ નહીં. એવું લાગે છે કે, ગુજરાતના મુખ્યમંત્રી રહી ચુકેલા નરેન્દ્ર મોદી અને અન્યોને ફસાવવાના ઈરાદાથી કોઇ કાવતરુ ઘડવામાં આવ્યું હતું.

રાજનાથસિંહે એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા સેફ્રોન ત્રાસવાદને લઈને આક્ષેપબાજી થઈ રહી છે. જે લોકો પોતાને સેક્યુલર ગણી રહ્યા છે તે લોકો આતંકવાદને જુદા જુદા રંગ આપી રહ્યા છે જેમાં સેફ્રોન ત્રાસવાદની વાત થઈ રહી છે. રાજનાથસિંહે વિસ્તારપૂર્વક આતંકવાદના મુદ્દા ઉપર વાત કરી હતી. સાથે સાથે યુપીએ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. ઈશરત જહાંના મામલે છેલ્લા થોડાક દિવસ નવી નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે. આ સમગ્ર મામલામાં નવા વળાંક તે વખતે આવ્યા હતા જ્યારે પૂર્વ ગૃહ સચિવ જીકે પિલ્લઈ દ્વારા એવો દાવો કરાયો હતો કે, ઈશરત કેસમાં બીજી એફિડેવિટમાં સુધારા પી ચિદમ્બરમ દ્વારા પોતે કરવામાં આવ્યા હતા. ત્યારબાદથી આ બાબત તમામની સામે આવી હતી. આ એફિડેવિટમાં કેન્દ્ર સરકારે ઈશરત કેસમાં પોતાનું વલણ બદલી દીધું હતું.

### તન-દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

ટેસ્ટ છે જેમા બંને મેથડ થી ટેસ્ટ થાય છે.દા.ત. એચ.આઈ.વી.,બ્રુસેલા, ટોર્ચ પેનલ... વગેરે. અને ડેન્ગ્યુ પણ....

અને એવીજ રીતે સાધના હિપેટાઈટિસ એ વાઈરસ, હિપેટાઈટિસ બી વાઈરસ, હિપેટાઈટિસ સી વાઈરસ અને હિપેટાઈટિસ ઈ વાઈરસ પણ કાર્ડ અને elisa થી થાય છે. હવે તુજ કહીશ કે elisa જ્યાં થાય ત્યાંજ મારે ટેસ્ટ કરાવવો.... બરાબરને. ચલ દસ વાગ્યા હવે આરામ કરીએ...

હિપેટાઈટિસ-એ વાઈરસ, હિપેટાઈટિસ-બી વાઈરસ, હિપેટાઈટિસ-સી વાઈરસ અને હિપેટાઈટિસ ઈ કે જેને આપણે વૈજ્ઞાનિક ભાષામાં હિપેટાઈટિસ મારકર કહીએ છે જેનાથી કમળો કયા વાઈરસનો છે એ ખબર પડે છે. સામાન્ય રીતે ડોક્ટર પોકારી પોકારી ને કહે છે ને મોટા દાવા કરે છે કે વાઈરસ ની કોઈ દાવા નથી એ તો પોતાની રીતે આવે છે ને પોતાની રીતે જાય છે. તો પછી ડૉકટર સાચો કે ભૂવો? સવાલ થાય સ્વાભાવિક છે. સાધના એ પથારીમાં સુતા સુતા વિચાર્યું. પછી પોતાની જાતેજ જવાબ આપ્યો, વાઈરસ ભલે પોતાની રીતે આવતો ને જતો , કદાચ ભૂવો સાચો હોય શકે પણ આ વૈજ્ઞાનિક નથી . માટે ભરોસો બિલકુલ ના કરાય. ડોક્ટર જે કઈ દવા આપે છે તે કમળા માં લીવર વીક પડી જાય છે અને સોજો આવે છે માટે લીવરનું ટોનિક આપે છે વાઈરસ ની દવા લગભગ નથી આપતા. ગ્લુકોસ અને લિક્વિડ ખોરાક શરીરમાં શક્તિ વધારે છે ને હાળવો ખોરાક ખાવાથી પાચનતંત્રને તકલીફ ના પડે. પુરતો આરામ પણ જરૂરી છે. સાધના એ ફરી પાછુ વિચારવાનું શરૂ કર્યું કે લોકો કહે છે કે આને કમળો થયો ને આને તો કમળામાંથી કમળી થઈ ગઈ. રાતે બાર વાગે સાધના એ સવિતા ને ફોન કર્યો કે અલી આ કમળો ને કમળી શું છે ?? સવિતા એ કહ્યું રાતે બાર વાગે તો ઊંઘવા દે અત્યારે કોને કમળો થયો છે ??? અરે યાર જવાબ આપ ને સાધના એ કહ્યું. સવિતા બોલી કે સામાન્ય રીતે બીલીરુબીન ૨૦ મીલીગ્રામ થી વધેરે આવે એટલે કે ૩૦...૪૦..૫૦... એને કમળી કહેવાય. પણ અલી કમળો થયો હોય કે નહિ પાણી તો ઉકાળીને જ પીવું જોઈએ, ગ્લાસ અલગ રાખો ને ડેટોલ નો ઉપયોગ કરવો.

દરેક માણસની શરીરની રોગપ્રતીકારક શક્તિ (ઈમ્યુનીટી) અલગ અલગ હોય છે. અને તેથીજ એક પ્રકારના વાઈરસની અસર દરેક માણસ પર અલગ અલગ થાય છે. સૌથી મહત્વની વાત એ છે કે કમળાની રસી દરેક વાઈરસ માટે અવેલેબલ છે અને દરેકે છુટે હાથે મુકાવી જોઈએ. જેમા બધી NGO એ લાગી પડવું જોઈએ. ખાસ કરીને બહેનો ની લાયોનેસ ક્લબ, રોટરી કલબ અને અન્ય મડળો જેમકે જ્યોતિ મહિલા મંડળે આગળ પડીને ઘરે ઘરે ફરીને દરેકને કમળાની રસી માટે સમજાવા જોઈએ અને રસી મુકાવી જોઈએ

હવે, ગાંધીનગર અને ગુજરાતને કમળા મુક્ત બનાવા માટે, ચાલો આપણે સાથે મળીને દીપ પ્રગટાવીને કમળા મુક્ત વાતાવરણના વાઈબ્રેશન ઉત્પન્ન કરીએ.

- sgpathlab@gmail.com

**કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ**
રજિ. ઓફિસ : ૧૦૧, વિભાગ-૩, જીઆઈડીસી એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮.
ફોન : +૯૧ ૭૯ ૨૩૨૧૪૦૦૦ ફેકસ : +૯૧ ૭૯ ૨૩૨૧૧૯૬૬
ઈ-મેલ : mktg@kalpatarupower.com વેબસાઈટ : www.kalpatarupower.com
CIN : L40100GJ1981PLC004281

**નોટિસ**

આ સાથે નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટિંગ તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬ - સોમવારના રોજ યોજાશે, જેમાં વચગાળાનું ડિવિડન્ડ ધ્યાનમાં લઈ જાહેર કરવામાં આવશે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ની જોગવાઈઓને આધિન રહી અને તે હેઠળના નિયમો સાથે વાંચતા તેમજ સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ કંપનીએ ૨૨મી માર્ચ, ૨૦૧૬ - મંગળવારને રેકોર્ડ તારીખ તરીકે નક્કી કરેલ છે; જેમાં ઉપરોક્ત નિયત થયેલ તારીખના રોજ યોજાનાર મીટિંગમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા જો વચગાળાનું ડિવિડન્ડ જાહેર કરાશે, તો શેરહોલ્ડરના અધિકાર નક્કી કરવામાં આવશે. આ સંદર્ભની વધુ વિગતો કંપનીની વેબસાઈટ (www.kalpatarupower.com) તેમજ સ્ટોક એકસ્ચેન્જ્સની વેબસાઈટ (www.bseindia.com અને www.nseindia.com) ઉપર ઉપલબ્ધ છે.

વતી, કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ
સહી/-
રાહુલ સી. શાહ
કંપની સેક્રેટરી

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૦મી માર્ચ, ૨૦૧૬